## હા... સાહેબ !

"કેમ છો સાહેબ..?"

"કેમ આજે સાવ ઔપચારિક..?!"

"અરે સાહેબ... આજકાલ રોગચાળાનો ઉપદ્રવ વધતો જ જાય છે એટલે દરેકને તબિયત પુછવી પડે... એમાં ખોટુ શું છે..?!"

"ના... ના... સારૂ છે સારૂ... પણ વાતાવરણ જુઓ ને યાર... ભારેખમ લાગે છે..! બેચેની લાગે... માથુ દુઃખે... પેટની ફરીયાદો હોય વગેરે વગેરે... નાની મોટી ફરિયાદો ઘેર ઘેર છે..!"

"... અરે અધુરામાં પુરૂ હોય એમ આગામી ચાર દિવસમાં ભારે વરસાદની આગાહી સાંભળી કે નહિ..?!"

"હા... સાંભળી... આ તો જાણે બળતામાં ઘી હોમાતુ હોય તેમ લાગે છે... જુઓને..! હજુ તો રોગચાળો દાબી શકાયો નથી અને સ્વાઈન ફ્લુએ કાળો કેર વર્તાવ્યો છે... ત્યાં નવી ઉપાધિ આવશે..!"

"ઉપાધિઓ તો ચારે કોર છે..! હજી અતિવૃષ્ટિના મૃત્યુના આંકડાઓ પચાવતા પચાવતા તો સ્વાઈન ફ્લુના મૃત્યુના આંકડાઓ જોવા પડે છે, એટલું જ નહિ... વધતા જ જાય છે... વધતા જ જાય છે."

"... પણ કેમ હજુ સરકાર જુસ્સાથી નથી ચાલતી..? કાચબાની ગતિએ જ કેમ ચાલે છે..!?"

"હં... હં... એટલે..?"

"અરે સાહેબ... અઢીસો... અઢીસો માનવજીવન સ્વાઈન ફ્લુમાં હોમાઈ જાય છતાંય આપણે હજી મીટીંગોમાંથી એક્શન મોડ પર નથી આવતા..! સરકારે મેળાવડાઓ પોતે બંધ કરવા જોઈએ અને બંધ કરાવવા માટે આદેશ આપવો જોઈએ.."

"પણ એ તો પાછુ આકરૂ પડશે નહિ, ને..? પાછા તમે મેદાનમાં આવશો... રેલીઓ કાઢશો...ને ધરણાઓ ધરશો... ને કંઈક નાટકો કરશો..!"

"... હવે આકરૂ ને ફાકરૂ... જે કરવું પડે એ કરવું જ પડે... કોઈ શું કહેશે..? કોણ શું કરશે..? એની ચિંતા અને ચર્ચા ના હોય સાહેબ..! રાજ્યના નાગરિકોને સ્વાઈનફ્લુના અજગરી ભરડામાંથી બચાવવાના છે... સમય બગાડ્યા સિવાય તાકીદે અમલવારીની આવશ્યકતા છે..."

"હા... હું તો એમ પણ કહું છુ... કે આમાં પક્ષાપક્ષી ના હોય... આમાં વાદ-વિવાદ ના હોય... મેળાઓ-સભાઓ-કાર્યક્રમો સ્વેચ્છાએ જ મુલત્વી રાખવા જોઈએ કે બંધ રાખવા જોઈએ... પંદર દિવસ કાર્યક્રમો થંભાવી દેવાય તો સ્વાઈન ફ્લુ ફેલાતો અટકાવી શકાય... અને એ જ સાચો ઉપાય છે."

"હા... હા... સાહેબ સ્વાઈન ફ્લુ ઉપચાર કરતાં વધારે એને ફેલાતો અટકાવવાની અનિવાર્યતા છે... આપણા મેળાઓ અને મેળાવડાઓ... યાત્રાઓ અને સંઘો... સભા, સરઘસો પર ૧૫ દિવસ રોક લગાવવી જોઈએ અને માસ્ક પહેરવું ફરજીયાત કરવું જોઈએ..."

"... ચાલો શુભસ્ય શીધ્રમ્, માસ્ક લઈને જ ઘરે જઈએ..!"

- નિમિત્ત માત્ર

# સેકટર-૮,૨૮ અને ૧૪માંથી સ્વાઈન ફ્લુના ત્રણ દર્દી મળ્યા

### શહેરમાં દર્દીઓનો આંક ૧૮ પર પહોંચ્યો : ૭ને હોસ્પિટલમાંથી રજા અપાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં આજે વધુ ત્રણ કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળી આવ્યા છે. સે-૮ની એક મહિલા તેમજ સે-૨૮માંથી એક વૃધ્ધ તેમજ સે-૧૪માંથી એક ૨૮ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ સાથે શહેરના દર્દીઓની સંખ્યા ૧૮ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં ધીમી ગતિએ પ્રવેશેલ સ્વાઈન ફ્લુ હવે ધીમે ધીમે વિકરાળતાનું સ્વરૂપ ધારણ કરી રહેલ છે. જો કે તંત્રએ શહેરી વિસ્તારમાં ઉકાળા વિતરણની કામગીરીને સઘન બનાવવા સહિત જનજાગૃતિ અભિયાન અને સર્વેલન્સને વેગીલુ બનાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ બંને દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ત્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

### સે. ૨૮ના દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર શહેરના સ્વાઈન ફ્લુની સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થવા પામ્યું છે. મળતી વિગતો પ્રમાણે સે. ૨૮માંથી મળી આવેલ સ્વાઈન ફ્લુના ૬૦ વર્ષીય વૃદ્ધનું આજે મોડી રાત્રે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નીપજ્યુ છે. આ સાથે શહેરમાં નોંધાયેલ ૧૮ દર્દી પૈકી ૩ દર્દીના મોત થયા છે.



પાવન પર્યુષણનો પ્રારંભ - જૈનોના પવિત્ર મહાપર્વ પર્યુષણમાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ તન-મન-ધનથી ભગવાન મહાવીર સ્વામીની પૂજા-અર્ચનામાં વ્યસ્ત રહે છે તથા વિવિધ ઉપવાસ કરી કઠિન તપશ્ચર્યા કરે છે. પર્યુષણ પર્વનો પ્રારંભ થતા જ સેક્ટર-૨૨ના જૈન દેરાસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સતત આઠ દિવસ સુધી દેરાસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

# જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૫ કેસ

### જિલ્લામાં ચાલુ માસ દરમ્યાન ૪૦ કેસ મળ્યા : દંતાલીની મહિલા અને વાસણા ચૌધરીનો યુવક પણ સ્વાઈન ફ્લુમાં સપડાયા : કલેક્ટરે પરિસ્થિતિની સમીક્ષા માટે અધિકારીઓ સાથે બેઠક કરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુ હવે વિકરાળ રૂપ ધારણ કરી ચુકેલ છે. આજે પણ વધુ પાંચ કેસ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવતાં તંત્રની હાલત એક સાંધતા તેર તુટે જેવી થઈ ગઈ છે.

સ્વાઈન ફ્લુના આજે મળેલ પાંચ કેસ સાથે જિલ્લાનો કુલ આંક ૫૫ પર પહોંચ્યો છે. જેમાં કલોલના ૩, ગાંધીનગરનો એક અને દહેગામનો એક દર્દી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના દંતાલી ગામે એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામના વાસણા ચૌધરી ગામેથી એક ૧૪ વર્ષીય યુવકને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાઈ આવેલ છે જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી ૩ કેસ મળી આવેલ છે અને દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને પગલે ચિંતાતુર બનેલ તંત્રએ આજે મેરેથોન બેઠક પણ અધિકારીઓ સાથે કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટર સતીષ પટેલના અધ્યક્ષસ્થાને, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં જિલ્લામાં સ્વાઈન ફ્લુની પરિસ્થિતિ, સર્વેલન્સની કામગીરી તેમજ પીએચસી સીએચસી પર ઉપલબ્ધ સુવિધાઓને લઈ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

જિલ્લામાં ઓગષ્ટ માસ દરમ્યાન જ ૪૦ કેસ સ્વાઈન ફ્લુના અત્યાર સુધીમાં મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૨૮ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. ૧૫ દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૧૧ દર્દીના મોત નીપજ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુ માટેની દવાનો જથ્થો પુરતો ઉપલબ્ધ હોવાનું તંત્રના અધિકારીઓએ કલેક્ટરની બેઠકમાં જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## કલોલમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ઘર પર વિશેષ માર્કિંગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્વાઈન ફ્લુ અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન જે ઘરને સર્વેલન્સમાં આવરી લેવાય તેના પર વિશેષ માર્કિંગ કરવાનો નિર્ણય લેવાયો છે.

કલોલમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના ૧૭ કેસ મળી આવ્યા છે અને ૩ દર્દીના મોત થયા છે.

તંત્ર દ્વારા ઘર પર વિશેષ માર્કિંગની સાથે સાથે સ્વાઈન ફ્લુથી બચવા શું કરશો તેની પત્રિકા આપવામાં આવે છે તેમજ જો કોઈ આરોગ્ય વિષયક સેવાઓની જરૂરિયાત હોય તો નંબર સાથેના વિશેષ સ્ટીકર પણ તૈયાર કરી અને ઘર પર લગાવવામાં આવી રહ્યા છે.

કલોલમાં જ સઈજ પીએચસીના મલ્ટી પરપઝ હેલ્થ વર્કર કનુભાઈ દ્વારા સ્વાઈન ફ્લુનુ માર્ગદર્શન આપતી એક રેલી પણ ફ્લેક્સ બેનર સાથેની યોજવામાં આવી હતી. આ ઉપરાંત કલોલ ખાતે મળેલ આઈએચએની ઝોનલ બેઠકમાં સ્વાઈન ફ્લુને લઈ વિશેષ ચિંતન કરવામાં આવ્યુ હતુ.

કલોલમાં જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી દ્વારા બે વાર પ્રવચન આપવામાં આવ્યુ હતુ એટલુ જ નહિ શહેરમાં રિક્ષા પર માઈક બાંધી સ્વાઈન ફ્લુના સરળ ઉપચારોની સમજ આપતી જાહેરાતો પણ કરાઈ હતી.

## આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા બપોરે ૧૨ વાગે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળશે.

ઈન્ચાર્જ કમિશનર બી.કે. પ્રવિણાની ઉપસ્થિતિમાં મળનારી આ સામાન્ય સભામાં હેલ્થના બાયલોઝને મંજૂરી આપવા ઉપરાંત અન્ય એકાદ મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

વિપક્ષી આ બેઠકમાં ઢોરવાડાની મરામત સહિતના મુદ્દે હલ્લાબોલ કરશે તેમ મનાઈ રહ્યું છે. આ બેઠકને લઈ વિપક્ષ આક્રમક મૂડમાં જણાય છે.

મળતી વિગતો પ્રમાણે રાજયસભાની ચૂંટણી પછી પ્રથમવાર મળી રહેલ આ બેઠકમાં વિપક્ષ વધુ આક્રમક બનશે તેમ જાણવા મળેલ છે.

શહેરના સળગતા પ્રશ્નો પર ઉગ્ર ચર્ચાઓના એંધાણ વર્તાય છે. ગંદકી, રખડતા ઢોર, રોગચાળો જેવા સંવેદનશીલ પ્રશ્નો સામાન્ય સભામાં ઉગ્ર બનશે.

# કોર્ટ બિલ્ડીંગમાં વધારાના ચાર માળ બાંધવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે

### બિલ્ડીંગમાં ન્યાયાધીશ તેમજ વકીલો માટે નવી ચેમ્બરો બનશે : લીફ્ટ પણ મુકવામાં આવશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર જિલ્લા ન્યાયાલયના બિલ્ડીંગમાં નવા ચાર માળનુ બાંધકામ હાથ ધરાશે. હયાત બિલ્ડીંગને વધુ સુવિધાયુક્ત પણ બનાવાશે. જેમાં ન્યાયાધીશો તેમજ વકીલો માટે નવી ચેમ્બરો ઉપરાંત લીફ્ટની સુવિધા પણ ઉભી કરાશે. કોર્ટ બિલ્ડીંગના નવીનીકરણ પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ થશે. આ મામલે ટેન્ડર પ્રક્રયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આગામી ૧૧ મહીનામાં કોર્ટ બિલ્ડીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

સે-૧૧ સ્થિત જિલ્લા ન્યાયાલયના હયાત બિલ્ડીંગમાં નવા ચાર માળ બાંધવાના કામને મંજુરી આપી દેવાયા બાદ હવે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે. છેલ્લા દોઢ દાયકાથી પણ વધુ સમયથી કોર્ટ બિલ્ડીંગનુ અસ્તિત્વ છે. જયારે આ બિલ્ડીંગ નવુ બનાવામાં આવ્યુ ત્યારથી બિલ્ડીંગમાં લીફ્ટની સુવિધા નથી. જેના લીધે અસકત અસીલો તેમજ ન્યાય ઈચ્છુક સિનિયર સિટીઝન્સને હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં વકીલો દ્વારા પણ બિલ્ડીંગમાં લીફ્ટની સુવિધા ઉભી કરવા માટે રજુઆત કરવામાં આવી હતી. પરંતુ ત્રણ મજલાના બીલ્ડીંગમાં લીફ્ટની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તેમ હોવાથી હજુ સુધી કોર્ટ બિલ્ડીંગમાં લીફ્ટની સુવિધા થઈ શકી નથી. બીજીતરફ કોર્ટ બિલ્ડીંગમાં વકીલોની સંખ્યા વધવાની સાથે રોજબરોજ ન્યાય ઈચ્છુક અરજદારોની અવરજવર પણ વિશેષ જોવા મળી રહી છે.આવા સંજોગોમાં કોર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. જેમાં સુત્રોના જણાંવ્યા મુજબ કોર્ટ બિલ્ડીંગના હયાત મકાનમાં નવા ચાર માળ બાંધવામાં આવશે. જેમાં વકીલો તેમજ ન્યાયાધીશની ચેમ્બરો પણ નવી બનાવાશે. કોર્ટ બિલ્ડીંગની કમ્પાઉન્ડ વોલ પણ નવી બનશે. આ ઉપરાંત ગટરલાઈન પેવર બ્લોક બોરવેલ તેમજ ફાયર ફાઈટીંગ સિસ્ટમ પણની પણ સુવિધા કરવામાં આવશે. કોર્ટ બિલ્ડીંગનુ કામ આગમી ૧૧ મહીનામાં પુર્ણ કરી દેવાશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




અમદાવાદથી ગાંધીનગર દોડતી સલામત સવારી સત્યનારાયણ ભગવાન કી જય.. નો જયઘોષથી ગુંજી ઉઠી હતી.ઈસનપુરથી સચિવાલયના રૂટમાં દોડતી એસ ટી બસમાં રોજ અપડાઉન કરતા કર્મચારીઓ દ્વારા સતત પાંચમાં વર્ષે ભગવાન સત્યનારાયણની કથાનુ અનોખુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કર્મચારી દ્વારા બસને શુસોભિત કરવામાં આવી હતી. બસના મુસાફરો યોગ્ય રીતે કથાનુ શ્રવણ કરી શકે તે માટે સાઉન્ડ સિસ્ટમ ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. બે પંડિતો દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનુ પઠન કરવામાં આવ્યુ હતુ. ઈસનપુરથી ઉપડેલી આ બસમાં કથાનુ શ્રવણ કરવા માટે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકાર નટુકાકાએ મણિનગરથી સચિવાલય સુધી મુસાફરી કરી હતી. કથાના અયોજક તરીકે જતીન વચ્છરાજાની તેમજ પરાગ જોષીએ જહેમત ઉઠાવી હતી. કથામાં યજમાનપદે સુર્વણાબેને લાભ લીધો હતો. કથાના અંતે બસના મુસાફરોને વિવિધ પાંચ પ્રકારના પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ડેપોમાં ખિસ્સા કાતરુ ગેંગ ઝડપાઈ મુસાફરોની સલામતી રામભરોસે

### ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે જિલ્લા પોલીસ તંત્રની ઉદાસીનતાના લીધે મુસાફરો તસ્કરીનો ભોગ બની રહયા છે : સલામત સવારીમાં જ મુસાફરો સલામત નથી : ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે ટોકન દરે જગ્યા ફાળવવા એસ ટી તૈયાર પણ પોલીસની નિરસતા

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે તસ્કર ટોળકી બિન્દાસ્ત બની છે. રોજબરોજ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે. આજે પણ ત્રણ મહીલા તેમજ બે પુરુષ સહીત પાંચ જાણભેદુ શખસોએ એક મહીલાના પાકીટની ઉઠાંતરી કરી હતી. જો કે ડેપો કન્ટ્રોલરે આ ગેંગને નાસતા ઝડપી લઈ પોલીસના હવાલે કરી છે. જો કે આ ખિસ્સા કાતરુ ગેંગનો એક શખસ ફરાર થઈ ગયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવાના મામલે જગ્યાની ફાળવણી કરી દેવા મંજુરી પણ આપી દેવાઈ છે. પરંતુ જિલ્લા પોલીસ તંત્રની ઉદાસીનતાના લીધે હજુ સુધી પાટનગરના ડેપોમાં મુસાફરીની સલામતી રામભરોસે છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે ગુનાખોરીનુ પ્રમાણ વધ્યુ છે. રોજબરોજ મુસાફરો ખિસ્સા કાતરુઓનો ભોગ બની રહયા છે. મહીલાઓની પણ સલામતી રહી નથી. સાતમ આઠમના તહેવારોમાં પણ પીક પોકેટીંગનો બનાવ બન્યો હતો. જયારે છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાની માત્ર વાતો જ થઈ છે. ડેપો તંત્ર દ્વારા આ માટે ટોકને ભાડાના દરે જગ્યા ફાળવાની તૈયારી દર્શાવવામાં આવી છે. જયારે પોલીસ તંત્રને પણ આ મામલે જાણ કરવામાં આવી છે. આમછતા છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં પોલીસ ચોકી કરવાનો મુદ્દો અધ્ધરતાલ છે. જેના પરિણામે મુસાફરોની સલામતી જોખમાઈ છે. આજે પણ બપોરના સમયે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પાઈપ લાઈન અપગ્રેડ કરાશે

### પાણીની પાઇપલાઇન અપગ્રેડ કરવા માટે ત્રણ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની ટાંકી અને સંપ બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે હવે પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ પણ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. અગાઉ શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના નવા બોર બનાવાયા હતા.

ગાંધીનગરને અડીને આવેલા શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં પાણી ગટર અને રસ્તાની પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી પાણીની સમસ્યા જટીલ બની છે. ઉનાળાની આકરી ગરમીમાં ગામના વિવિધ વાસમાં પાણી ન આવતુ હોવાના લીધે બેડાયુધ્ધની સ્થિતિ સર્જાય છે. ગામોની ટોપોગ્રાફીના લીધે પણ પાણીનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. ત્યારે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહયા છે. અગાઉ પાણીના પ્રશ્નને નિવારવા માટે ગામોમાં નવા બોર બનાવાયા હતા. જયારે ત્યારબાદ પાણીના સંગ્રહ માટે ઓવરહેડ ટાંકી તેમજ ઓવરહેડ સંપ બનાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેની પાછળ અંદાજિત સાડા ત્રણ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટુંકમાં જ સંપ તેમજ ઓવરહેડ ટાંકી બનાવાનુ કામ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં પાણી સપ્લાય કરતી લાઈન પણ જુની તેમજ કટાયેલી હોવાના લીધે પાણી ફોર્સથી સપ્લાય થઈ શકતુ નથી. જેના લીધે પાણીની લાઈન અપગ્રેડ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા પાણીની પાઈપલાઈન બદલવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર પાલજ ,બાસણ ,ધોળાકુવા અને ઈન્દ્રોડ સહીતના ગામોમાં પાણીની લાઈન અપગ્રેડ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં આ કામ પણ શરૂ કરી દેવાશે. જો કે હજુ ગામડાઓમાં ગટર લાઈનનુ કામ અપુર્ણ છે. જેના કારણે સ્થાનિક ગ્રામજનોમાં રોષ પ્રવર્તાયો છે. અનેકવાર રજુઆત કરવા છતા ગટર લાઈનનુ અધુરુ કામ પુર્ણ થઈ શકયુ નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com